# રશિયાના મોટા હુમલામાં કિવમાં ૨૦નાં મોત

**યુક્રેનની** રાજધાની પર બુધવારે રાત્રે શરૂ કરાયેલા હુમલામાં અન્ય ૯૦ને ઇજા, વ્યાપક નુકસાન

**રશિયન** ઓઇલ રિફાઇનરીઓ પરના હુમલાના જવાબમાં હુમલો કરાયો



કિવ, તા. ૨(એપી): રશિયાએ બુધવારની આખી રાતથી લઈને ગુરુવારની સવાર સુધી કિવ પર એક મોટો ડ્રોન અને મિસાઈલ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૨૦ નાગરિકોનાં મોત થયા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. મોસ્કોએ આ હુમલાને યુક્રેન દ્વારા તેમના તેલ ક્ષેત્રો પર કરવામાં આવેલા હુમલાઓના બદલા તરીકે ગણાવ્યો છે, જેના કારણે રશિયામાં ઈંધણની અછત સર્જાઈ છે અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર દબાણ વધ્યું છે.

યુક્રેનની રાજધાની રાત્રિ દરમિયાન કલાકો સુધી જોરદાર વિસ્ફોટોથી ધ્રૂજી ઉઠી હતી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી અને અન્ય સત્તાવાળાઓ દ્વારા સંભવિત હુમલાની પ્રથમ ચેતવણી જારી કરાયા બાદ ઘણા લોકોએ સબવે સ્ટેશનોમાં આશ્રય લીધો હતો. રશિયાના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ ઘાતક બોમ્બમારો યુક્રેન દ્વારા તેના નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કરવામાં આવેલા લાંબા અંતરના હુમલાના જવાબમાં હતો. યુક્રેનના સતત વધી રહેલા અને મોટા પાયાના હુમલાઓએ ખાસ કરીને ઓઈલ રિફાઈનરીઓને નિશાન બનાવી છે, જેના કારણે ઈંધણની કટોકટી ઊભી થઈ છે. યુક્રેન પર આક્રમણના ચાર વર્ષથી વધુ સમય પછી આ સ્થિતિએ રશિયનોને નિરાશ કર્યા છે.

આ હુમલામાં કિવમાં ૨૦ લોકોના મોત થયા છે અને કિવના મેયર વિતાલી ક્લિત્સ્કોના જણાવ્યા અનુસાર ૯૦થી વધુ લોકો ઘાયલ થયા છે. વિદેશ પ્રધાન એન્ડ્રી સિબિહાએ જણાવ્યું હતું કે રાજધાનીમાં આ ભયાનકતાની રાત હતી. કિવ સિટી મિલિટરી એડમિનિસ્ટ્રેશનના વડા તૈમુર ત્કાચેન્કોના જણાવ્યા અનુસાર, સમગ્ર શહેરમાં ૩૦ સ્થળોએ નુકસાન નોંધાયું છે, જેમાં મુખ્યત્વે રહેણાંક ઈમારતો અને નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે.

### રશિયાએ ૭૪ મિસાઇલો અને ૪૯૬ ડ્રોન છોડ્યા

**૧૧** કલાક સુધી હુમલો ચાલ્યો

રશિયાના સંરક્ષણ મંત્રાલયના નિવેદનમાં જણાવાયું છે કે આ હુમલામાં કિવ અને કિવ ક્ષેત્રમાં સૈન્ય ઉદ્યોગ સુવિધાઓ અને સંગ્રહિત ઈંધણ તેમજ ઉર્જા સંકુલ, તેમજ યુક્રેનના અન્ય ચાર પ્રદેશોમાં લશ્કરી એરફિલ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ચોક્કસ નિશાન સાધતા લાંબા અંતરના હથિયારો અને ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. યુક્રેનની વાયુસેનાએ જણાવ્યું હતું કે રશિયાએ આ હુમલામાં ૭૪ મિસાઈલો (જેમાંથી ૨૪ બેલિસ્ટિક હતી) અને વિવિધ પ્રકારના ૪૯૬ ડ્રોન છોડ્યા હતા. બુધવારે રાત્રે શરૂ કરાયેલો આ હુમલો ૧૧ કલાક સુધી, ગુરુવારની સવાર સુધી ચાલ્યો હતો.

### યુક્રેને રશિયાની વધુ એક ઓઇલ રિફાઇનરી પર હુમલો કર્યો

યુક્રેનના જનરલ સ્ટાફે જણાવ્યું હતું કે, યુક્રેનિયન દળોએ મોસ્કોની પૂર્વમાં આવેલા નિઝની નોવગોરોડ ક્ષેત્રમાં રશિયાની સૌથી મોટી ઓઇલ રિફાઇનરીઓમાંથી એક પર રાત્રે હુમલો કર્યો હતો, જેના કારણે ત્યાં આગ લાગી ગઈ હતી. આ ઉપરાંત, યુક્રેનિયન દળોએ રશિયાના કબ્જા હેઠળના લુહાન્સ્ક ક્ષેત્રમાં સિવર્સ્કી ડોનેટ્સ નદી પર બનેલા એક રેલ્વે બ્રિજ પર પણ હુમલો કર્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. જનરલ સ્ટાફના જણાવ્યા અનુસાર, આ બ્રિજનો ઉપયોગ રશિયન દળો દ્વારા સૈનિકો, હથિયારો અને સૈન્ય સામગ્રીના પરિવહન માટે કરવામાં આવતો હતો.

---

## પેજ 3

### અક્ષય કુમારે એક મહિનામાં ચાર ફ્લેટ ૨૦ કરોડ રૂપિયામાં વેચ્યા



મુંબઈ, તા. ૨: બોરીવલીમાં પોતાના બે ફ્લેટ વેચ્યાના બરાબર એક મહિના પછી, અક્ષય કુમારે મુંબઈના મુલુંડ વેસ્ટમાં વધુ બે લક્ઝરી ફ્લેટ વેચ્યા છે. પ્રોપર્ટી રજીસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, આ પ્રોપર્ટીઝના કુલ ૧૨.૩૮ કરોડ રૂપિયા ઉપજ્યા છે. અક્ષયે ઓક્ટોબર ૨૦૧૭ માં ઓબેરોય કન્સ્ટ્રક્શન પાસેથી આ બંને ફ્લેટ કુલ ૯ કરોડ રૂપિયામાં ખરીદ્યા હતા, જેનો અર્થ એ છે કે તાજેતરના વેચાણથી તેને ૩.૩ કરોડ રૂપિયાથી વધુનો નફો થયો છે. આ અભિનેતાએ જૂન મહિનામાં બોરીવલી ઇસ્ટમાં ઓબેરોય સ્કાય સિટી કોમ્પ્લેક્સમાં વધુ બે ફ્લેટ વેચ્યા હતા. ૧,૧૦૧ ચોરસ ફૂટનો કાર્પેટ એરિયા ધરાવતો એક ફ્લેટ ૫.૭૫ કરોડ રૂપિયામાં વેચાયો હતો, જ્યારે ૨૫૨ ચોરસ ફૂટનો બીજો ફ્લેટ ૧.૩૫ કરોડ રૂપિયામાં વેચાયો હતો.

### રવિવારે લગ્ન પછી આમિર ખાન-ગૌરી રિસેપ્શન નહીં યોજે



મુંબઈ, તા. ૨: અભિનેતા આમિર ખાન આ રવિવારે તેમના નિવાસસ્થાને તેમની પાર્ટનર ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. લગ્ન સંપૂર્ણપણે એક ખાનગી પ્રસંગ રહેશે, જેમાં માત્ર નજીકના પરિવારજનો અને મિત્રો જ હાજર રહેશે. આ કપલ સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવીને પોતાના લગ્નને કાનૂની સ્વરૂપ આપશે. કોઈ ભવ્ય રિસેપ્શન માટેનું આયોજન ન હોવાથી કાનૂની પ્રક્રિયાઓ પછી આમિરના ઘરે જ એક નાનકડી ઉજવણી કરવામાં આવશે. ખાન, જેમણે તાજેતરમાં જ પુષ્ટિ કરી હતી કે તેઓ અને ગૌરી ૫ જુલાઈએ લગ્ન કરવાના છે, ખાને જણાવ્યું હતું કે, તેઓએ નજીકના પરિવાર અને મિત્રોની હાજરીમાં એક સાદા રજિસ્ટર્ડ મેરેજનો વિકલ્પ પસંદ કર્યો છે.

### જયા બચ્ચન કોલકાતામાં મમતાને મળ્યાં



કોલકાતા, તા. ૨ (પીટીઆઈ): વિધાનસભા ચૂંટણીમાં ટીએમસીના પરાજય બાદ વિપક્ષી ગઠબંધનની પુનઃ ગોઠવણ અંગે ચાલી રહેલી રાજકીય ચર્ચાઓ વચ્ચે સમાજવાદી પાર્ટીના રાજ્યસભા સાંસદ જયા બચ્ચને ગુરૂવારે અહીં તેમના કાલીઘાટ સ્થિત નિવાસે પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે મુલાકાત કરી હતી. બચ્ચન બપોરે ટીએમસીના રાજ્યસભા સાંસદ ડેરેક ઓ'બ્રાયન સાથે બેનર્જીના નિવાસે પહોંચ્યા હતા. આ બેઠકની વિગતો તાત્કાલિક જાણી શકાઈ નથી. આ મુલાકાત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે તે સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા કિરણમય નંદાની કોલકાતા મુલાકાતના થોડા દિવસો પછી થઈ છે, જેમાં તેમણે તૃણમૂલ કોંગ્રેસની ચૂંટણીમાં હાર માટે પૂર્વ મુખ્યમંત્રીને જવાબદાર ઠેરવ્યા હતા અને ટિપ્પણી કરી હતી કે "લોકો મમતાને ઇચ્છતા ન હતા." તેમની ટિપ્પણીઓએ પશ્ચિમ બંગાળમાં ભાજપની શાનદાર જીત બાદ બંને ઈન્ડિયા બ્લોકના ભાગીદારો વચ્ચે વધી રહેલા અંતર વિશેની અટકળોને વેગ આપ્યો હતો. ચૂંટણીના પરિણામોના થોડા સમય બાદ, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ કોલકાતા ગયા હતા અને બેનર્જીને તેમના નિવાસે મળ્યા હતા, જેને ચૂંટણીમાં પરાજય બાદ ટીએમસી સુપ્રિમો સાથે એકતા દર્શાવવાના હાવભાવ તરીકે વ્યાપકપણે જોવામાં આવ્યું હતું. રાજકીય વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, બચ્ચનની મુલાકાત દર્શાવે છે કે સમાજવાદી પાર્ટીના નેતૃત્વના અમુક વર્ગો દ્વારા તાજેતરમાં કરાયેલી જાહેર ટીકા છતાં બંને વિરોધ પક્ષો વચ્ચે વાતચીતના માધ્યમો ખુલ્લા રહ્યા છે.

### ૨૦૧૫થી ગોલબ્લેડર સ્ટોનની સમસ્યાથી પીડાય છે દિલજીત દોસાંઝ



મુંબઈ, તા. 2: ઇમ્તિયાઝ અલીની ફિલ્મ 'મૈં વાપસ આઉંગા'માં દિલજીત દોસાંઝ નિર્વૈર ગ્રેવાલનું પાત્ર ભજવી રહ્યો છે, જે દર્શકોને ખૂબ જ ગમે છે. અભિનેતાએ તાજેતરમાં એક ઇન્ટરવ્યૂમાં પોતાના અંગત જીવન વિશે કેટલીક વાતો શેર કરી હતી. દિલજીતે ખુલાસો કર્યો હતો કે, તેઓ એક દાયકાથી વધુ સમયથી પિત્તાશયની પથરીની સમસ્યા સામે લડી રહ્યા છે. દિલજીતે કહ્યું કે, 2015માં ડોક્ટરોને તેમના પિત્તાશયમાં પથરી મળી હતી, પરંતુ તેમણે સર્જરી કરવાનો ઇનકાર કર્યો હતો. પોતાના નિદાન વિશે વાત કરતાં ગાયકે કહ્યું કે, ''મારા પિત્તાશયમાં 11 કે 12 મીમીનો પથ્થર છે. આ વાત મેં ડોક્ટર સિવાય કોઈને કહી નથી.''

### મને આ બધાથી દૂર રાખો, હું એક કલાકાર છું: સીજેપીના વિરોધ પ્રદર્શન પર દિલજીત

નવી દિલ્હી, તા. 2 (PTI) પંજાબી સુપરસ્ટાર દિલજીત દોસાંઝે અહીં જંતર-મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શનથી પોતાને દૂર રાખ્યા છે અને જણાવ્યું છે કે, તેઓ એક કલાકાર છે, રાજકારણી નહીં. 'મૈં વાપસ આઉંગા'ના અભિનેતાએ બુધવારે સાંજે એક ઇન્સ્ટાગ્રામ લાઇવ સેશન યોજ્યું હતું જેમાં તેમણે તેમના ચાહકોના ઘણા પ્રશ્નોના જવાબો આપ્યા હતા. પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ અને નીટ પેપર લીક વિવાદને લઈને સીજેપીના વિરોધ પ્રદર્શનમાં તેઓ જોડાશે કે કેમ તેવું પૂછવામાં આવતાં દિલજીતે કહ્યું, "મને આ બધાથી દૂર રાખો... ભાઈ, હું એક કલાકાર છું. હું કોઈ રાજકારણી નથી, મને નથી ખબર કે તમે મને શું સમજો છો." ત્યાર બાદ તેમણે ગુરુ ગ્રંથ સાહિબની એક લોકપ્રિય પંક્તિ ટાંકી હતી - "નાનક દુખિયા સબ સંસાર, સો સુખિયા જિસ નામ આધાર", જેનો અર્થ થાય છે કે, દુનિયામાં દરેક વ્યક્તિ દુઃખનો સામનો કરી રહી છે, માત્ર એ જ લોકો સુખી છે જેઓ ભગવાનનો આશરો લે છે.

---

## સોશ્યલ મીડિયા પર અશ્લીલતા બદલ સોટીઓ મારવાની સજા

**ટીકટોક** પર લાઇવસ્ટ્રીમમાં ચુંબનો કરવા બદલ મહિલા અને તેના પુરુષ સાથીને જાહેરમાં સોટીઓ મરાઇ

**૨૧** સોટીઓની નિર્ધારિત સજા પુરી થાય તે પહેલા જ મહિલા બેભાન, ઇન્ડોનેશિયામાં ઓનલાઇન અશ્લીલતા બદલ આવી સજાનો પ્રથમ બનાવ



બાંદા આસેહ, તા. ૨: ઇન્ડોનેશિયાના આસેહ પ્રાંતમાં તેના કડક શરિયા કાયદા હેઠળ 'સોશિયલ મીડિયા પર પુરુષ સાથે લાઈવ અશ્લીલતા આચરવા' બદલ એક મહિલાને જાહેરમાં સોટી મારવામાં આવી છે, અને આવા ગુના આ સજા મેળવનાર પ્રથમ વ્યક્તિ બની છે. એક ટિકટોક લાઇવસ્ટ્રીમ દરમિયાન આ મહિલા અને તેના પુરુષ પાર્ટનર પર એકબીજાને ચુંબન કરવાનો આરોપ લાગ્યા બાદ આ સજા ફટકારવામાં આવી હતી. મહિલાના પુરુષ સાથીદારને પણ જાહેરમાં સોટીઓ મારવામાં આવી હતી. તસવીરોમાં જોવા મળે છે કે મહિલા ઘૂંટણિયે બેસીને પીડાથી બૂમો પાડી રહી છે, જ્યારે માસ્ક પહેરેલો એક શરિયા પોલીસ અધિકારી વારંવાર તેની પીઠ પર સોટી મારી રહ્યો છે. આખરે જ્યારે આ સજા સહનશક્તિની બહાર થઈ જાય છે ત્યારે તે મહિલા બેભાન થઈ જાય છે. મહિલા બેભાન થઈ તે પહેલાં તેને ફટકારવામાં આવેલી ૨૧ સોટીઓની સજામાંથી તેણે કેટલી સોટીઓ ખાધી હતી તે સ્પષ્ટ થઈ શક્યું નથી. એમ કહેવાય છે કે સારવાર પછી સાજી થાય તે પછી આ મહિલાને બાકી રહેલી સોટીઓ મારવામાં આવશે. આસેહ પ્રાંતમાં વ્યભિચાર બદલ અત્યાર સુધી સોટીઓ મારવાની સજા કરવામાં આવતી હતી પરંતુ સોશ્યલ મીડિયા પર અશ્લીલતા બદલ આવી સજાનો આ પ્રથમ બનાવ છે.

---



## ચીનનો અનોખો જુગાડ: ગગનચુંબી બિલ્ડિંગોની છત પરથી કૃત્રિમ વરસાદ

**ચીનના** યુંનચેંગ શહેરમાં આવો પ્રયોગ કરાયો

**કાળઝાળ** ગરમી ગાયબ!

**ઝીણા** પાણીના ટીપા છાંટતી સિસ્ટમ ઈંચી ઇમારતોની છત પર બેસાડાઇ

બૈજિંગ, તા. ૨: ચીનમાં તીવ્ર ઉનાળાની ગરમીના પ્રકોપ વચ્ચે, એક રહેણાંક સોસાયટીએ ઠંડક મેળવવાનો એક અનોખો રસ્તો શોધી કાઢ્યો છે. ઉત્તર ચીનના શાંક્શી પ્રાંતના યુનચેંગ શહેરમાં, ગગનચુંબી એપાર્ટમેન્ટ બિલ્ડિંગોની છત પર 'મિસ્ટીંગ સિસ્ટમ'(ઝીણા પાણીના ટીપાં છાંટતી સિસ્ટમ) લગાવવામાં આવી છે, જે હવામાં પાણીની ઝીણી ધુમ્મસ જેવી છોળો છોડે છે. આ સિસ્ટમ તાપમાન ઘટાડવામાં અને સ્થાનિક લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત આપવામાં મદદ કરી રહી છે. આ સિસ્ટમના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેમાં બિલ્ડિંગની છત પરથી ધુમ્મસના ઘટ્ટ વાદળો નીચે તરફ સરકતા અને નીચેના રસ્તાઓ તેમજ ફૂટપાથને ઠંડક આપતા જોઈ શકાય છે.આ આકર્ષક દ્રશ્યોએ વૈશ્વિક સ્તરે લોકોનું ધ્યાન ખેંચ્યું છે, કારણ કે વિશ્વભરના શહેરો વધી રહેલા તાપમાનનો સામનો કરવા માટે નવા ઉપાયો શોધી રહ્યા છે. આ કૂલિંગ સિસ્ટમ વિજ્ઞાનના એક જાણીતા સિદ્ધાંત પર કામ કરે છે, જેને 'ઈવેપોરેટિવ કૂલિંગ' (બાષ્પીભવન દ્વારા મળતી ઠંડક) કહેવામાં આવે છે.આ ટેકનિકમાં, બિલ્ડિંગની છત પર હાઈ-પ્રેશર નોઝલ લગાવવામાં આવે છે, જે હવામાં પાણીના અત્યંત ઝીણા ટીપાંનો છંટકાવ કરે છે. જેમ જેમ આ ટીપાંનું બાષ્પીભવન થાય છે, તેમ તેમ તે આસપાસની હવામાંથી ગરમીનું શોષણ કરી લે છે અને વાતાવરણને ઠંડુ બનાવે છે.

---

## અટલ ટનલ બહાર બેરિકેડ્સ તોડી સ્કોર્પિયો નિર્માણાધીન પુલ પર લટકી!



શિમલા : તા. 2: હિમાચલ પ્રદેશમાં અટલ ટનલના નોર્થ પોર્ટલ પાસે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. સ્કોર્પિયો અકસ્માતગ્રસ્ત થવાના કારણે એક પ્રવાસીનું મોત નીપજ્યું છે અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા છે. પ્રાથમિક તપાસ પરથી જાણવા મળે છે કે, આ અકસ્માત તેજ રફતારના કારણે થયો હોઈ શકે છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, ટનલમાંથી બહાર નીકળતાં જ ડ્રાઈવરે એસયુવી પરથી નિયંત્રણ ગુમાવી દીધું હતું. ત્યાર બાદ ગાડી રોડ કિનારે લગાવેલા બેરિકેડ્સને તોડીને નીચે ખાબકી હતી અને નિર્માણાધીન પુલ પર લટકી ગઈ હતી. અકસ્માત પછીની જે તસવીરો અને વીડિયો સામે આવ્યા છે, તે રૂંવાડાં ઊભાં કરી દે તેવા છે.

ટક્કર એટલી જોરદાર હતી કે, અધૂરા બનેલા માળખામાંથી નીકળેલા લોખંડના સળિયા ગાડીની અંદર ઘૂસી ગયા. ઘટના સ્થળના વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. મૃતકની ઓળખ રાજસ્થાનના રહેવાસી 34 વર્ષીય કૈલાસ તરીકે થઈ છે.

ઘાયલ થયેલા ત્રણ પ્રવાસીઓની ઓળખ ઉત્તર પ્રદેશ લખીમપુર ખીરીના રહેવાસી આદિત્ય, સીકર ખાટુ શ્યામના સિદ્ધાર્થ સિંહ શેખાવત તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ગ્રુપ મનાલીથી લાહૌલ જઈ રહ્યું હતું, ત્યારે આ અકસ્માત થયો હતો.

---

## થાઈલેન્ડમાં ૧૧ વર્ષના સગીરે સાધુઓના જૂથ પર ટ્રક ચઢાવી દીધી, ૯નાં મોત!

**હોસ્પિટલમાં** દાખલ 13 સાધુઓમાંથી ત્રણની હાલત નાજુક

બેંગકોક, તા. 2 (AP): ઉત્તર-પૂર્વ થાઈલેન્ડમાં ગુરુવારે એક 11 વર્ષના છોકરાએ પિકઅપ ટ્રક સાધુઓના એક જૂથ પર ચઢાવી દીધી હતી, જેઓ પદયાત્રા (તીર્થયાત્રા) પર હતા. આ અકસ્માતમાં નવ સાધુઓનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. રાજધાની બેંગકોકથી આશરે 600 કિલોમીટર ઉત્તર-પૂર્વમાં આવેલા મુકદાહાન પ્રાંતના કુલ 35 સાધુઓ આ પદયાત્રા પર હતા. મુકદાહાનના ગવર્નર વોરયાન બુન્નરાતના જણાવ્યા અનુસાર, પાંચ સાધુઓનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય ચારના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયાં હતાં. અન્ય 13 સાધુઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી ત્રણની હાલત નાજુક છે.

આ જૂથે અકસ્માતના લગભગ 30 મિનિટ પહેલા જ ઉબોન રત્ચાથાની પ્રાંત તરફની પોતાની 260 કિલોમીટરની પદયાત્રા શરૂ કરી હતી.

સ્થાનિક બચાવ જૂથ, 'રૂઆમ જય મુકદાહાન રેસ્ક્યૂ એસોસિએશન' દ્વારા શેર કરાયેલા સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, ટ્રકે અડફેટે લીધા તે પહેલાં સાધુઓ રસ્તાની એક બાજુએ એક જ લાઈનમાં ચાલી રહ્યા હતા.

સ્થાનિક પોલીસે જણાવ્યું કે, સગીર છોકરો હાલ કસ્ટડીમાં છે અને રાજ્યના બાળ સુરક્ષા અધિકારીઓ આવ્યા બાદ તેની પૂછપરછ કરવામાં આવશે. અકસ્માતનું કારણ હજી તપાસ હેઠળ છે, પરંતુ પોલીસે જણાવ્યું કે, સાધુઓએ અકસ્માત પહેલાં વાહનને રસ્તા પર કાબૂ ગુમાવીને આડુંઅવળું થતાં અને ત્યાર બાદ રસ્તા પરથી રસ્તા પરથી નીચે ઊતરીને તેમના જૂથ સાથે અથડાતા જોયું હતું.

---

## ઈસરો મુખ્યાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**સર્ચ** ઓપરેશન દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી

બેંગલુરુ, તા. ૨ (PTI) અહીં ગુરુવારે ઈસરોના મુખ્યાલયમાં બોમ્બ હોવાનો ધમકીભર્યો ઈમેલ મળતાં વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, ધમકી મળ્યા બાદ પોલીસ કર્મચારીઓ ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ) સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ન્યૂ બીઈએલ રોડ પર આવેલા ઈસરો મુખ્યાલયના સત્તાવાર ઈમેલ આઈડી પર એક ઈમેલ આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ઈસરો ઓફિસમાં બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવશે.

---

## એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની ટોચ પર 'ડેન્જરસ' પ્રપોઝલ

**ખતરનાક** સ્ટન્ટ કરી સોશિયલ મીડિયા પર વાયરલ થયું કપલ; રોમાંસ પૂરો થતાં જ પોલીસે કરી ધરપકડ



ન્યૂયોર્ક, તા. 2 : અમેરિકાના ન્યૂયોર્કમાં એક કપલ સુરક્ષા વ્યવસ્થાને ચકમો આપીને એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની ટોચ પર ચઢી ગયું હતું. બંનેએ ત્યાં "જ્યારે પ્રેમની શક્તિ સત્તાના પ્રેમને હરાવી દેશે, ત્યારે વિશ્વમાં શાંતિ સ્થપાશે" લખેલું બેનર લહેરાવ્યું અને પછી એકબીજાને પ્રપોઝ કર્યું. આ સમગ્ર ઘટનાની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ છે. ત્યાર બાદ પોલીસ અને ઈમરજન્સી સર્વિસના જવાનો સીડીઓ દ્વારા બંને સુધી પહોંચ્યા અને તેમને સુરક્ષિત નીચે ઉતાર્યા હતા અને બન્નેની ધરપકડ કરી હતી. એન્જેલા નિકોલાઉ અને ઈવાન કુઝનેત્સોવ વિરુદ્ધ તોડફોડ/ઘૂસણખોરી, ગેરકાયદે પ્રવેશ, બેદરકારીથી જીવ જોખમમાં મૂકવા અને સંપત્તિને નુકસાન પહોંચાડવા સહિતની ઘણી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.